RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 98, Dt.04-07-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારમાં તેજીનો દોર યથાવત, રોકાણકારો માલામાલ



## છેલ્લા છ માસમાં રોકાણકારોને થઈ ૮૦ લાખ કરોડની અધધધ કમાણીઃ ૫ જૂન પછી માર્કેટ કેપમાં ૫૦ લાખ કરોડનો વધારોઃ ઈતિહાસમાં પ્રથમવાર શેરબજારે ૮૦ હજારની સપાટી કુદાવી

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતીય શેરબજાર રેકોર્ડબ્રેક તેજીમાં ધમધમી રહ્યું છે.ઈતિહાસમાં પ્રથમ વખત ૮૦.૦૦૦ ની સપાટી પાર કરી છે. આ પૂર્વે ૧૧ ડીસેમ્બર ૨૦૨૩ ના રોજ ૭૦,૦૦૦ તથા ૯ એપ્રિલ ૨૦૨૪ ના રોજ ચુકવવાનું લેવલ ક્રોસ કર્યું છે. એકધારી તેજી વચ્ચે બીએસઈમાં લીસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપીટલાઈઝેશનમાં ૪૪૫ લાખ કરોડને આંબી ગયુ છે. છેલ્લા છ માસમાં તેમાં ૮૦ લાખ કરોડનો વધારો થયો છે. અર્થાત ઈન્વેસ્ટરોને આટલી કમાણી થઈ છે.

મુંબઈ શેરબજારનું માર્કેટ કેપ બુધવાર ૪૪૫.૪૩ લાખ કરોડના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યુ હતું જે ગત ડીસેમ્બરમાં ૩૬૫ લાખ કરોડ હતું.ગત તા.૨૧ મેના રોજ પ્રથમ વખત પાંચ ટ્રીલીયન ડોલરને પાર થયુ હતું. ત્યારે રૂપિયાની ગણતરીએ ૪૧૪.૪૩ લાખ કરોડ હતું.

જુન મહિનામાં માર્કેટમાં મોટી ઉથલપાથલ થઈ હતી.લોકસભા ચૂંટણી પરીણામો પૂર્વે જોરદાર તેજી હતી. ૩ જુને માર્કેટ કેપ એક જ દિવસમાં ૧૨.૪૮ લાખ કરોડ વધીને ૪૨૪.૬૧ લાખ કરોડ પહોંચ્યુ હતુ પરંતુ ૪ જુને ચૂંટણી પરીણામો અપેક્ષીત ન આવતાં પ્રચંડ કડાકો સર્જાયો હતો. એક જ દિવસમાં માર્કેટ કેપમાં ૩૧ લાખ કરોડનું નુકશાન થયુ હતું અને ૩૯૪.૯૩ કરોડ પર ઘસી ગયુ હતું.

જોકે પરીણામ અપેક્ષીત ન હોવા છતાં સરકાર એનડીએની જ બનવાનું સ્પષ્ટ થતાં ૫ જુનથી માર્કેટ ફરી તેજીનાં પાટે ચડી ગયુ હતું અને સળંગ તેજી ચાલુ રહી છે. ૫ જુનથી ૩ જુલાઈ સુધીમાં જ માર્કેટ કેપમાં ૫૦ લાખ કરોડથી અધિકનો વધારો થયો છે.

૪ જુનને બા કરતાં શેરબજારમાં એકંદરે તેજી જ રહી હતી અને મોટાભાગનાં ક્ષેત્રોનાં શેરોમાં ઉછાળો હતો.આ દરમ્યાન આઈટી ઈન્ડેકસ ૧૨ ટકા, ટેલીકોમ ઈન્ડેકસ ૧૧ ટકા, રીયલ એસ્ટેટ ખાનગી બેંક તથા ઓટોમોબાઈલ્સ ઈન્ડેકસમાં ૮.૮ ટકાનો વધારો થયો છે.

શેરબજારમાં તેજી પાછળના કારણોમાં ભારતીય અર્થતંત્રનો ઝમકદાર વૃધ્ધિદર કરંટ ખાતાની ખાધ ૧૨ વર્ષનાં નીચલા સ્તરે આવવા બજેટનો આશાવાદ, વિશ્વસ્તરે પોઝીટીવ ટ્રેન્ડ, વ્યાજદરો ઘટવાનો આશાવાદ તથા નાણા સંસ્થાઓની ચિકકાર ખરીદી જવાબદાર છે.

## દેશના મહત્તમ વિસ્તારમાં બે દિવસ ભારે વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચોમાસાએ પોતાના નિશ્ચિત સમયથી પહેલા એટલે કે બે જુલાઈથી જ પુરા દેશને કવર કરી લીધો છે. દેશના મોટાભાગના રાજયોમાં જોરદાર વરસાદ પડી રહ્યો છે. પુર્વોતરના ભાગમાં હાલત વધુ ખરાબ છે. મણીપુર અને આસામમાં વરસાદ અને પુરની સ્થિતિ બની ગઈ છે.

મણિપુરમાં સ્કુલ-કોલેજ ગુરુવાર સુધી બંધ કરી દેવામાં આવ્યા છે. જયારે નાગાલેન્ડમાં વીતેલા કેટલાક દિવસોમાં વરસાદ સંબંધી ઘટનાઓથી લગભગ પાંચ લોકોના મોત થયા છે.



આ રાજયોમાં ભારે વરસાદની આગાહીઃ હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉતરાખંડ, ગુજરાત, બિહાર, પશ્ચિમ બંગાળ, સિક્કીમ, ઉતરપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા વગેરે રાજયોમાં અતિ ભારે અને ૯ રાજયો- હિમાચલ પ્રદેશ, ઉતરપ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક, ગોવા વગેરે રાજયોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસમાં દેશમાં ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભાગોમાં વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી શકે છે.

## વિશ્વ વિજેતા ટીમ ઈન્ડિયાનું દિલ્હીમાં ભવ્ય સ્વાગતઃ વડાપ્રધાન મોદી સાથે કરી મુલાકાત

### આજે સાંજે મુંબઈમાં મરીન ડ્રાઈવથી વાનખેડે સ્ટેડિયમ સુધી રોડ શો યોજાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટી૨૦ ક્રિકેટમાં વર્લ્ડ ચેમ્પીયનનો ખિતાબ જીતેલી ભારતીય ટીમ આજે વહેલી સવારે સ્વદેશ પરત ફરી હતી ત્યારે એરપોર્ટથી હોટલ સુધી અભૂતપૂર્વ સ્વાગત થયુ હતું. ઈન્ડિયા-ઈન્ડિયાની ગુંજ વચ્ચે સેંકડો ક્રિકેટ ફેન્સ ઉમટી પડયા હતા. હોટલમાં રોકાણ બાદ ટીમના ખેલાડીઓ વડાપ્રધાન નરેન્દ્ર



મોદીને મળ્યા હતા. સાંજે મુંબઈમાં મરીન ડ્રાઈવ કપ્તાન રોહિત શર્મા તથા અભૂતપૂર્વ કેચ ઝડપીને મેચમાં નિર્ણાયક વળાંક આપનારા સૂર્યકુમાર યાદવે ફેન્સ સાથે ભાંગડા નૃત્ય પણ કર્યા હતા. વિશ્વકપ વિજેતા ટીમ ઈન્ડિયા ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા પહોંચી હતી. ભારતને ગૌરવ અપાવનારા ક્રિકેટ ખેલાડીઓ માટે વડાપ્રધાને ખાસ બ્રેકફાસ્ટ રાખ્યુ હતુ.

દિલ્હીથી ટીમ ઈન્ડિયા સાંજે મુંબઈ પહોંચવાની છે જયાં ભવ્ય વિજય પરેડ યોજાનાર છે. મરીન ડ્રાઈવથી વિજય માર્ચની ગોઠવણ કરવામાં આવી છે. હજારોની સંખ્યામાં ક્રિકેટ ફેન્સ ઉમટે તેમ હોવાની બાબતને ધ્યાનમાં રાખીને સુરક્ષાના લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## ભોલેબાબનું પેપર લીક કનેકશાન પણ સામે આવ્યુંઃ ઘરપકડ કરાયેલા તલાટીને ત્યાં કરતાં હતા સત્સંગ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હાથરસના સત્સંગમાં મચેલી નાસભાગ બાદથી ચર્ચામાં આવેલા ભોલે બાબા અંગે દરરોજ મોટા-મોટા ખુલાસા થઈ રહ્યા છે. પહેલા બાબાના આશ્રમમાં કામ કરી ચૂકેલા એક સાક્ષીએ બાબા પર છોકરીઓ રાખવા અને દારૂ પીવાનો આરોપ લગાવ્યો હતો ત્યારે હવે ભોલે બાબાનું પેપર લીક કનેક્શન પણ સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે રાજસ્થાનના દૌસા જિલ્લામાં એક તલાટીના ઘરમાં ભોલે બાબાનો અસ્થાયી નિવાસ હતો. આ એ જ પટવારી છે જેમને થોડા મહિનાઓ પહેલા ઉઊઅગ ભરતી પરીક્ષા ૨૦૨૦ના પેપર લીકનો આરોપી માનવામાં આવ્યો. આ તલાટીનું નામ હર્ષવર્ધન મીણા છે. હર્ષવર્ધન હાલમાં જ્યત્રશ્ની કસ્ટડીમાં છે.

ભોલે બાબા દૌસામાં હર્ષવર્ધનના ઘરે સત્સંગ કરતા હતા. રાજસ્થાન



પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ એ જ ઘર હતું જ્યાંથી પેપર લીકનું રેકેટ પણ ચલાવવામાં આવી રહ્યું હતું. પેપર લીક મામલે તપાસ કરી રહેલી ટીમ માટે આ સમગ્ર રેકેટમાં બાબાની સંડોવણીનો એક નવો એંગલ બની ગયો છે.

દૌસામાં સ્થાનિક લોકોનું કહેવું છે કે, પહેલા ભોલે બાબા અહીં સત્સંગ કરતા હતા પરંતુ જ્યારથી પેપર લીક મામલે હર્ષવર્ધનની ધરપકડ થઈ છે ત્યારથી બાબા અહીંથી ફરાર છે. અમને એવું લાગે છે કે, પેપર લીકમાં પણ ભોલે બાબાની સંડોવણી છે. જોકે, પેલીસ હવે આ નવા એંગલથી તપાસ કરી રહી છે.

હાલમાં પોલીસે એ ઘરને પોતાના કબ્જામાં રાખ્યું છે જેમાં બાબા રહેતા હતા અને સત્સંગ કરતા હતા. આ ઘર હર્ષવર્ધનનું છે અને પોલીસ દ્વારા થોડા મહિના પહેલા તેની ધરપકડ કરવામાં આવી હતી. આ આખી બિલ્ડીંગને જ્યત્રદ્ઘ દ્વારા સીલ કરવામાં આવી છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, જ્યારથી જ્યત્રદ્ઘએ હર્ષવર્ધનની ધરપકડ કરી છે ત્યારથી જ આ ઘર સીલ કરી દેવામાં આવ્યું છે. બાબા આ ઘરમાં સત્સંગ કરતા હતા પરંતુ કોઈ સ્થાનિક લોકોને તે સત્સંગમાં એન્ટ્રી આપવામાં નહોતી આવતી. જે લોકો આવતા હતા તેઓ અન્ય જગ્યાએથી હતા. મોટાભાગના લોકો યુપીથી આવતા હતા.

બાબાના આશ્રમમાં તેહનાત સેવાદારનું માનવું છે કે, આશ્રમના હેન્ડ પંપનું પાણી પીવાથી ડેન્ગ્યુ જેવી બીમારી પણ સારી થઈ જાય છે. આ આશ્રમ અંગે બાબાના ભક્તોમાં ગજબની દિવાનગી છે. આ જ કારણ છે કે, અનેક ભક્તોએ તો આશ્રમ માટે બાબાને પોતાની જમીન પણ દાન કરી દીધી છે.

## સીબીઆઈ તપાસને લઈ ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યો છેઃ કેજરીવાલે હાઈકોર્ટમાં કરી અરજી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં સીબીઆઈ દ્વારા નોંધાયેલા કેસમાં જામીન મેળવવા માટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બુધવારે દિલ્હી હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયોજકની સીબીઆઈ દ્વારા ૨૬ જૂને તિહાર જેલમાંથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યાં તેઓ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા મની લોન્ડરિંગ કેસમાં હજુ સુધી ન્યાયિક કસ્ટડીમાં છે. જોકે, કેજરીવાલે ઈઈઈ કેસમાં પોતાની ધરપકડને હાઈકોર્ટમાં પડકારી છે.

કેજરીવાલે જામીન માટે દાખલ કરેલી અરજીમાં CBI સામે કેટલાક મોટા દાવા કર્યા છે. જેમા તેમણે કહ્યું છે કે, 'એપ્રિલ ૨૦૨૩માં જ્યારે મને બોલાવવામાં આવ્યો, ત્યારે મેં સીબીઆઈને સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. મારી ધરપકડ સંપૂર્ણપણે ગેરકાયદે અને ગેરબંધારણીય છે. રિમાન્ડ ઓર્ડર સ્પષ્ટપણે નિયમિત છે, જેના કારણે ધરપકડ અને કાર્યવાહીની સમગ્ર પ્રક્રિયાને અસર થઈ રહી છે. CBI



તપાસ ચાલુ છે, તેની આડમાં મને સતત હેરાન-પરેશાન કરી રહી છે.

આ અરજીમાં કેજરીવાલે તેનો ઉલ્લેખ કરતાં કહ્યુ કે, ''આ ગંભીર નિરાશા અને ચિંતાનો વિષય છે. તપાસ તો પહેલાથી જ પૂરી થઈ ગઈ છે, મારી ધરપકડનો આધાર બની શકે તેવી સામગ્રી પહેલેથી જ એકત્રિત કરી લેવામાં આવી છે. સીબીઆઈ જેવી મુખ્ય તપાસ એજન્સી કાયદાની પ્રક્રિયા સાથે ચેડાં ન કરી શકે અને સીબીઆઈએ કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા એકતરફી અભિગમની ધારણાને દૂર કરી નિષ્પક્ષતા સાથે કામ કરવું જોઈએ. આ સ્પષ્ટ રીતે હેરાનગતિ છે. સીબીઆઈનું વર્તન સ્પષ્ટ રીતે દ્વેષભાવથી ભરેલું છે. મારી સ્વતંત્રતાને મનમાની અને લાપરવાઈથી છીનવી લીધી છે.

કેજરીવાલે પોતાની વિરુદ્ધના પુરાવા અંગે અરજીમાં કહ્યું છે કે, 'એ વાત સ્પષ્ટ છે કે મને હેરાન કરાઈ રહ્યો છે. તેમજ જે પુરાવાના આધારે મારી ધરપકડ કરવામાં આવી છે, તે પેહલેથી જ રેકોર્ડ પર છે, અને આ કેસ નોંધાયાના ૧ વર્ષ અને ૧૦ મહિના પછી પણ આવા પુરાવા એકત્ર કર્યાના ઘણાં મહિનાઓ પછી ધરપકડનો પ્રશ્ન માત્ર કાયદાકીય રીતે સ્વીકાર્ય નથી, એટલે સ્પષ્ટપણે આ દ્વેષભાવપૂર્વક થઈ રહ્યું છે. ધરપકડનો સમય મારી કસ્ટડીમાંથી મુક્તિને રોકવા, ટાળવા અને અટકાવવાના પ્રયાસ થઈ દર્શાવે છે. કારણ કે ડખકઅ કેસમાં મને નિયમિત જામીન આપવામાં આવ્યા છે.

અરજીમાં કેજરીવાલે CBI જે પુરાવા પર કામ કરી રહી છે તે અંગે કહ્યું કે, મને કલમ ૪૧(૧)(b)(in) ના દરેક સિદ્ધાંતો ઈઝ્ઝઈની સાથે સાથે ધરપકડની આવશ્યકતાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે, અને માત્ર દંડાત્મક કેદ આપવામાં આવી છે, તેમનો ઉદ્દેશ્ય મારી સ્વતંત્રતા છીનવી લેવાનો છે,અને મનમાની કરીને આ રીતે કેદ કરવામાં આવ્યો છે. સીબીઆઈ દ્વારા જે રેકોર્ડ પર આધાર રાખીને કામ કરી રહી છે, તેના પર એક નજર કરશો તો જાણવા મળશે કે, જે કથિત પુરાવાનો કાર્યવાહી માટે આધાર રાખે છે, તે ઘણા વર્ષો પહેલા સામે આવી ચુક્યા હતા. જેના આધારે ઘણા આરોપીઓના નામ જાહેર કરવામાં આવ્યા હતા.

## ગ્રીન એનર્જી સેક્ટરને આગામી બજેટમાં પોલિસી સપોર્ટ અને ટેક્સ લાભોની અપેક્ષા

### GSTના વર્તમાન દરને ઘટાડીને પાંચ ટકા કરવાથી પ્રોજેક્ટની કિંમત ઘટશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ગ્રીન એનર્જી અપનાવવાની ઝડપ વધી રહી હોવાથી, પાવર સેક્ટર આગામી કેન્દ્રીય બજેટમાંથી વધુ નીતિગત સમર્થન અને કર લાભોની અપેક્ષા રાખે છે. આ ક્ષેત્ર સાથે સંકળાયેલી કંપનીઓના એક્ઝિક્યુટિવ રિન્યુએબલ એનર્જીની સપ્લાય ચેઈન અને ગ્રીન હાઈડ્રોજન, ઓફશોર વિન્ડ અને એનર્જી સ્ટોરેજ સેક્ટર જેવા અન્ય નવા ક્ષેત્રોમાંના પ્રોજેક્ટ માટે જીએસટી દરમાં ફેરફાર અને નાણાકીય સહાયની અપેક્ષા રાખી રહ્યા છે.

આ ક્ષેત્ર સાથે સંકળાયેલી કંપનીઓના સુત્રોએ જણાવ્યું હતું કે ગ્રીન એનર્જી ઉદ્યોગ રિન્યુએબલ એનર્જી કમ્પોનન્ટ્સ પરના જીએસટી દરમાં ઘટાડો થવાની અપેક્ષા રાખે છે. સોલર મોડયુલ, વિન્ડ એનર્જી ટર્બાઇન અને ઇલેક્ટ્રોલાઇઝર પરના જીએસટીના વર્તમાન દરને ઘટાડીને પાંચ ટકા કરવાથી પ્રોજેક્ટની કિંમતમાં ઘટાડો થશે અને સમગ્ર દેશમાં ગ્રાહકો માટે રિન્યુએબલ એનર્જી અને હાઇડ્રોજનની કિંમતમાં ઘટાડો થશે.

સોલાર સેલ અને મોડયુલ અને ગ્રીન હાઇડ્રોજન સંબંધિત પ્રોજેક્ટ્સ પર કસ્ટમ ડ્યૂટી ઘટાડવાથી સોલાર પ્રોજેક્ટ્સની આર્થિક શક્યતામાં વધારો થશે. સરકારે મંજૂર મોડલ્સ અને મેન્યુફેક્ચરર્સ લિસ્ટ મંજૂર સોલાર મોડયુલ ખરીદવાની જરૂરિયાતને દૂર કરવાનું પણ વિચારવું જોઈએ, ખાસ કરીને વ્યાપારી અને ઔદ્યોગિક ક્ષેત્ર માટે.સરકારે મંજૂર મોડલ્સ અને મેન્યુફેક્ચરર્સ લિસ્ટ કંપનીઓની ક્ષમતા



ઓછી હોવાથી અને ત્યાં કોઈ સીધી સબસિડી નથી, તેથી સરકારે આ જરૂરિયાત હળવી કરવી જોઈએ ભારતમાં મોડયુલ અને સેલના મુખ્ય ઘટકોના ઉત્પાદનને બજેટમાં પ્રોત્સાહન આપવું જોઈએ.

આ માટે ટકાઉ નીતિ, નિયમનકારી, નાણાકીય અને કર પ્રણાલીઓને પ્રોત્સાહન આપવું જોઈએ. ભારતમાં હોમ એપ્લાયન્સ મેન્યુફેક્ચરિંગનો મજબૂત ઈતિહાસ છે, છતાં રિન્યુએબલ એનર્જી મેન્યુફેક્ચરિંગ મશીનરી અને ઈક્વિપમેન્ટ પર અમારી નિર્ભરતા લગભગ ૧૦૦ ટકા છે. તાજેતરના વર્ષોમાં સ્વચ્છ ઊર્જાના નવા ક્ષેત્રો વિકસિત થયા છે.

તેમાં ગ્રીન હાઇડ્રોજન, પ્લાન્ટ આધારિત બાયોફ્યુઅલ અને ગ્રીન સ્ટોરેજ જેવા ઇંધણનો સમાવેશ થાય છે. ઉર્જા ક્ષેત્રના નિષ્ણાતો કહે છે કે સ્થાનિક ઉદ્યોગને ઝડપથી વિકાસ કરવામાં મદદ કરવા માટે પ્રારંભિક સબસિડી સપોર્ટ અને આયાતી માલ પર કર મુક્તિ આપવાની જરૂર પડશે.


## દેશના કેટલાંક રાજ્યોમાં ઝિકા વાઈરસનો કહેર

### આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યોને એડવાઈઝરી જાહેર કરી એલર્ટ કર્યાઃ ભારતમાં ઝિકાનો પ્રથમ કેસ વર્ષ ૨૦૧૬માં ગુજરાતમાંથી નોંધાયો હતોઃ સામાન્ય રીતે ઝિકા વાઈરસનો ચેપ હળવો હોય છે, અને તેના લક્ષણો પણ ખૂબ ઓછા હોય છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મહારાષ્ટ્રમાં ઝિકા વાઇરસના વધતા જતા કેસોને જોતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે રાજ્યોને એડવાઈઝરી જારી કરી છે. મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ઝિકા વાઇરસના કેસો મળી આવ્યા છે. જેના પગલે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે તમામ રાજ્યોને એક એડવાઈઝરી જારી છે. જેમાં દેશભરમાં આરોગ્ય ક્ષેત્રે દેખરેખ રાખવાનો નિર્દેશ આપ્યો છે. રાજ્યોને સગર્ભા સ્ત્રીઓના ઝિકા વાઇરસની તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને સંક્રમિત જોવા મળેલી મહિલાઓના ભ્રૂણ વિકાસ પર ધ્યાન આપવા પર ખાસ ધ્યાન રાખવા જણાવ્યું છે.

હેલ્થ સર્વિસ ડિરેક્ટર જનરલ ડો. અતુલ ગોયલ દ્વારા એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે, આ ઉપરાંત



મંત્રાલયે આરોગ્ય સુવિધાઓ માટે એક નોડલ અધિકારીની નિમણૂક કરવાની પણ સુચના આપી હતી. જે એડીસ મચ્છરોથી થતાં ચેપ પર નજર રાખશે અને તેની સામે પગલાં લેશે. ઝિકા વાઇરસનો ચેપ એડીસ મચ્છર કરડવાથી ફેલાય છે. તેમજ આ મચ્છર ડેન્ગ્યુ અને ચિકનગુનિયાનું કારણ પણ બને છે. ૨ જુલાઈ, ૨૦૨૪ સુધી પુણેમાં ઝિકાના છ કેસ અને કોલ્હાપુર અને સંગમનેરમાં એક-એક કેસ નોંધાયા છે.

ઝિકા વાઇરસ એ મચ્છરજન્ય વાઇરસ છે, જે મુખ્યત્વે એડીસ મચ્છરો દ્વારા ફેલાય છે, જે ડેન્ગ્યુ અને ચિકનગુનિયા વહન કરતા મચ્છરો જેવા જ હોય છે. આ વાઇરસ સૌથી પહેલા ૧૯૪૭માં યુગાન્ડાના ઝિકા જંગલમાં જોવા મળ્યો હતા, અને તેથી તેનું નામ ઝિકા પડ્યું હતું.

સામાન્ય રીતે ઝિકા વાઇરસનો ચેપ હળવો હોય છે, અને તેના લક્ષણો પણ ખૂબ ઓછા હોય છે. પરંતુ ત્યારે સામાન્ય રીતે આ પ્રકારના લક્ષણો જોવા મળતા હોય છે.

તાવઃ હળવો તાવ આવી શકે છે.

ફોલ્લીઓઃ ચામડી પર લાલ ફોલ્લીઓ હોઈ શકે છે.

સાંધામાં દુખાવોઃ ખાસ કરીને હાથ અને પગના નાના સાંધામાં દુખાવો થઈ શકે છે.

સ્નાયુમાં દુખાવોઃ સામાન્ય સ્નાયુમાં દુખાવો થઈ શકે છે.

માથાનો દુખાવોઃ હળવાથી મધ્યમ માથાનો દુખાવો થઈ શકે છે.

આંખમાં બળતરાઃ આંખોમાં લાલાશ અથવા બળતરા થઈ શકે છે.

ડેન્ગ્યુ અને ચિકનગુનિયાની જેમ ઝિકા એ એડીસ મચ્છર દ્વારા ફેલાતો વાયરલ રોગ છે. જો કે, ઝિકાથી સંક્રમિત સગર્ભા સ્ત્રીઓમાં જન્મેલા બાળકોમાં માઇક્રોસેફાલી (માથાનું કદ ઘટે છે), જે એક મોટી ચિંતાનો વિષય છે.

ભારતમાં ઝિકાનો પ્રથમ કેસ વર્ષ ૨૦૧૬માં ગુજરાતમાંથી નોંધાયો હતો. ત્યાર બાદ તમિલનાડુ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કેરળ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને કર્ણાટક સહિત અન્ય ઘણા રાજ્યોમાં કેસ નોંધાયા છે.

# હળવદના રાયસંગપુર ગામે કૌટુંબિક બહેનને ભગાડી જવાના મુદ્દે પિતરાઈ ભાઈની હત્યા કરનાર બે ઝડપાયા

## પોલીસે હત્યાના આરોપીઓને ગણતરીની કલાકમાં પકડી પાડયા

**મુખ્ય સમાચાર, રમેશ ઠાકોર**

**હળવદ:** હળવદ તાલુકાના રાયસંગપુર ગામે કૌટુંબિક બહેનને ભગાડી જવાના બનાવમાં જુના ઝઘડાનો ખાર રાખી બે પિતરાઈ ભાઈઓએ ભાઈના ઘરમાં ઘુસી હત્યા કરી નાખવાના બનાવમાં હળવદ પોલીસ અને મોરબી એલસીબીએ સંયુક્ત કાર્યવાહી કરી બન્ને આરોપીઓની ગણતરીની કલાકોમાં જ ધરપકડ કરી હતી.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ હળવદ તાલુકાના રાયસંગપુર ગામે રહેતા શામજીભાઈ બાબુભાઇ લોલાડીયા અગાઉ આરોપી ગૌતમ કરમણભાઇ લોલાડીયા અને વિપુલ કરમણભાઇ



લોલાડીયાની બહેનને ભગાડી ગયો હોય જેનું મનદુ:ખ રાખી ગઈકાલે બન્ને આરોપીઓએ શામજીભાઈના ઘરમાં ઘુસી છરી અને પાઇપ વડે હુમલો કરતા શામજીભાઈ બાબુભાઇ લોલાડીયાનું મૃત્યુ નીપજ્યું હતું જયારે તેમના ભાઈ ગોપાલ ઉપર આરોપીઓએ છરી વડે હુમલો કરતા ઈજાઓ પહોંચતા મૃતકના પિતા બાબુભાઇ ગોકળભાઇ લોલાડીયાએ ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ આ સંગીન બનાવમાં હળવદ પીઆઇ આર.ટી.વ્યાસ અને એલસીબી પીઆઇ એમ.પી.પંડયાએ સંયુક્ત ટિમો બનાવી તપાસ શરુ કરી યુવાનની હત્યા કરનાર આરોપી ગૌતમ કરમણભાઇ લોલાડીયા અને વિપુલ કરમણભાઇ લોલાડીયાને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# જામનગર ટ્રાફિક પોલીસનો સપાટો: ગેરકાયદેસર રીતે પેસેન્જર ભરતા ૧૮ ખાનગી બસ સહિત ૫૦ વાહનો ડિટેઇન કરાયા





**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર ટ્રાફિક પોલીસનો સપાટો ૧ ગેરકાયદેસર રીતે પેસેન્જર ભરતા ૧૮ ખાનગી બસ સહિત ૫૦ વાહનો ડિટેઇન કરાયા જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂની સુચનાથી અને નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિહ ઝાલા સાહેબના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક શાખાના પોલીસ ઇન્સપેક્ટર એમ.બી. ગજ્જરનાઓએ જાહેર માર્ગો ઉપર અલગ અલગ ટીમો બનાવી આજ રોજ જામનગર શહેરના સમર્પણ સર્કલ , દિગ્જામ સર્કલ , ખોડીયાર કોલોની માલધારી હોટલ , સાત રસ્તા સર્કલ , સુભાષબ્રીજ તેમજ વિક્ટોરીયા પુલ જેવા અલગ અલગ વિસ્તારોમા મુખ્યત્વે જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે વાહનો પાર્કિંગ કરી બિનજરૂરી ટ્રાફિક જામ કરી પેસેન્જરો ભરતા વાહનો ટ્રાવેલ્સ બસો ૧૮ તથા ઈક્કો વાહનો ૩૨ તેમજ બીજા અન્ય વાહનો મળી કુલ ૫૦ જેટલા વાહનોને ડીટેઈન કરવામા આવેલ છે . આ કામગીરી પો.ઇન્સ. એમ.બી.ગજ્જર , પો.સબ.ઇન્સ. આર.એલ.કંડોરીયા , પો.સબ.ઇન્સ. આર.સી.જાડેજા , તથા , પો.હેડ.કોન્સ.મહેન્દ્રસિંહ બટુકસિંહ ઝાલા , મનહરસિંહ વનરાજસિંહ ઝાલા , સત્યજીતસિહ નોઘુભા વાળા.રમેશભાઈ નાથાભાઈ પરમારતેમજ ટી.આર.બી જવાનોદ્વારા કરવામા આવેલ છે

# રૂા.૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ જામનગર જિલ્લા સરકારી પુસ્તકાલયની છતમાંથી પાણી ટપકવા લાગ્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા સરકારી પુસ્તકાલય રૂ.૧કરોડના ખર્ચે સ્માર્ટ લાઇબ્રેરીમાં છતમાંથી પાણી ટપકવા લાગ્યું પડેલા વરસાદે જીલ્લા પુસ્તકાલયના નવીનીકરણ ની કામગીરીની પોલ છતી કરી છે. ઉલ્લેનીય છે કે તાજેતરમાં જ કરોડોના ખર્ચ જામનગર જિલ્લા પુસ્તકાલયને સ્માર્ટ પુસ્તકાલયમાં પરિવર્તન કરવામાં આવ્યું છે પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે આ પુસ્તકાલયમાં પીવા માટે પાણી નથી પરંતુ વરસાદ થતાં છતમાંથી પાણી ટપકે છે જેના કારણે વાચકોને હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે. તો વળી એટલું ઓછું હોય તેમ આ પુસ્તકાલયનું શોચાલય પણ બંધ હાલતમાં છે તેમજ પીવાના પાણી માટેનો આરો પ્લાન્ટ પણ બંધ હાલતમાં છે જેના કારણે વાચકોની મુશ્કેલી બેવડાય છે.મહત્વનું છે કે આ પુસ્તકાલયમાં ગુજરાતી અંગ્રેજી તેમજ હિન્દી ભાષાના પુસ્તકો મોટી સંખ્યામાં છે આ ઉપરાંત સ્પર્ધાત્મક તૈયારી માટેના પણ પુસ્તકો ઉપલબ્ધ છે ત્યારે છતમાંથી પાણી ટપકવાથી આ પુસ્તકોને નુકસાન પહોંચવાની શક્યતાને નકારી શકાતી નથી. ઉલ્લેખનીય છે કે આ પુસ્તકાલયમાં જામનગર જિલ્લાના વિવિધ સ્થળોએથી વાચકો અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ આવતા હોય છે. જામનગરમાં પડેલા વરસાદને કારણે પુસ્તકાલયના છતમાંથી પાણી ટપકવા લાગતા જ નવીનીકરણને કામગીરી સામે અને એક સવાલો ઊભા થયા છે.





# ગુજરાત પ્રદૂષણ બોર્ડની કચેરીમાં ભભૂકી આગ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીમાં આગ લાગતા દોડધામ, ફાયર બ્રિગેડને જાણ થતા તાત્કાલિક સ્થળે દોડી આવી કાબુ મેળવ્યો જામનગરના રામેશ્વરમાં આવેલ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીમાં સવારે આગ લાગી હતી. GPCB ની કચેરીમાં અનેક દસ્તાવેજો બળીને ખાખ થયા હતા. આગ લાગતા ફાયર સ્ટાફે તાત્કાલિક દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. સવારે કચેરીમાં કોઈ કર્મચારીઓ ન હોવાથી સદનસીબે કોઈ જાનહાનિ નથી થઇ.જામનગર શહેરમાં આવેલ રામેશ્વર નગર વિસ્તારમાં જીપીસીબી ની કચેરીમાં એકાએક ભીસણ આગ લાગી અને જયારે આગમી ઘટના બની ત્યારે ખાનગી બિલ્ડીંગના ટ્યુશન ક્લાસીસ ચાલુ હતું પણ કોઈ જાનહાની થઈ નથી. જીપીસીબી કચેરીમાં આગની ઘટના બનતા જ ફાયર બ્રિગેડ ને તાત્કાલિક જાણ કરાતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે આગને કાબૂમાં મેળવી હતી. કોઈ જાનહાનિ ન થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો. આગ કેવી રીતે લાગી તે તપાસ કર્યા બાદ જ સામે આવશે.

# જામનગરમાં વકર્યો રોગચાળો: ત્રણ વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના ત્રણ વિસ્તારો કોલેરાગ્રસ્ત જાહેર કોલેરના પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યું, ત્રણેય વિસ્તારના આસપાસનો ૨ કિમીનો વિસ્તાર કોલેરા ભયગ્રસ્ત જાહેર કરાયો જામનગરના અલગ અલગ ત્રણ વિસ્તારમાં કોલેરાના પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યુ છે. કોલેરાનો રોગચાળો વકરે નહીં તે માટે



તંત્ર દ્વારા ત્રણેય વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરી આસપાસના ૨ કિમીના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે.જામનગર શહેરના ધરારનગર-૨, બેડી બંદર રીંગરોડ પર આવેલા રવિપાર્ક અને ખોજાવાડ લાલખાણમાં કોલેરાના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. તંત્ર દ્વારા આ વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે અ આસપાસના ૨ કિમીના વિસ્તારને કોલેરાભયગ્રસ્ત જાહેર કરી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.જામનગરમાં કોલેરાના પાંચ કેસ નોંધાતા મનપા કમિશનર અને જીજી હોસ્પિટલના સનિયિર ડોકટર વચ્ચે બેઠક યોજવામાં આવી હતી. મહાનગરપાલિકાની આરોગ્ય ટીમને પણ જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. આરોગ્ય ટીમો જે વિસ્તારનમાં કોલેરા પોઝિટિવ કેસનો થયા છે તે વિસ્તારની મુલાકાત લેશે અને ગાંધીનગર ની આવેલી આરોગ્ય ટીમ પણ સાથે રહેશે.

# ગોકુલનગરમાં ગંજીપાના વડે જુગાર રમતા બે મહિલા સહિત છ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં સાયોના શેરીમાં ગંજીપાના વડે જુગાર રમતા ચાર શખ્સ અને બે મહિલા ઝડપાઈ ગયા હતા. પોલીસે પટમાંથી રૂ. ૨૦૦૪૦ કબજે કર્યા છે.જામનગરના ગોકુલનગર વિસ્તારમાં આવેલી સાયોના શેરીમાં ગઈકાલે બપોરે જુગાર રમાતો હોવાની બાતમી સિટી સી ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફના યશપાલસિંહ, યુવરાજ સિંહ, હોમદેવસિંહને મળતા



પીઆઈ જે.વી. ચૌધરીને વાકેફ કરાયા પછી પીએસઆઈ વી.બી. બરબસીયા તથા સ્ટાફે ત્યાં દરોડો પાડ્યો હતો.

ત્યાં આવેલી શેરી નં.૫માં ગંજીપાના વડે જુગાર રમી રહેલા અરશીભાઈ સામતભાઈ નંદાણીયા, રામદે દીપકભાઈ ચાવડા, રામ પોલાભાઈ વસરા, લખમણભાઈ શામજીભાઈ ગાગીયા તથા સતીબેન માલદેભાઈ ચાવડા, આશાબેન કેશવભાઈ મોઢવાડીયા નામના છ વ્યક્તિ મળી આવ્યા હતા. પટમાંથી પોલીસે રૂ. ૨૦,૦૪૦ રોકડા કબજે કરી છએય સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

# મોરબી સબ જેલ ખાતે અધિકારીઓની બદલી થતાં વિદાય અને આવકાર સમારોહ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સબ જેલ ખાતે ડી એમ ગોહેલની પ્રતિનિયુક્તિ રદ કરી મૂળ જગ્યા પાલારા ખાસ જેલ ભુજ ખાતે જેલ અધીક્ષક તરીકે હુકમ કરતા તેમને બહુમાન સાથે વિદાય આપવામાં આવી હતી. જ્યારે મોરબી સબ જેલ ઇન્ચાર્જ જેલ અધીક્ષક તરીકે એ જી દેસાઈએ ચાર્જ સંભાળતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું

મોરબી સબ જેલ ખાતે પોલીસ મહાનિર્દેશક ડો. કે.એલ.એન.રાવ સર દ્વારા જેલ અધિક્ષક ડી.એમ.ગોહેલનું મોરબી સબ જેલ ખાતે પ્રતીનીયુક્તી રદ કરી મૂળ જગ્યા પાલારા ખાસ જેલ ભુજ







ખાતે જેલ અધિક્ષક તરીકે હુકમ થતાં છૂટા કરવામાં આવ્યા છે. જ્યારે હિંમતનગર જેલ થી બદલી થઈ જેલર એ. જી.દેસાઈ મોરબી સબ જેલનો ઇન્ચાર્જ જેલ અધિક્ષક તરીકે ચાર્જ સંભાળ્યો છે. જે અધિકારીની વિદાય અને સ્વાગત શેરીમનીમાં જેલર પી.એમ.ચાવડા, જેલર અતુલભાઈ હાલપરા તેમજ સુબેદાર રાજુભાઇ જેજરિયા તેમજ તમામ સ્ટાફ દ્વારા ઉત્સાહ સાથે એ.જી. દેસાઈનું સ્વાગત કરવામાં આવ્યું હતું જ્યારે ડી એમ ગોહેલની બદલી કરાતા સન્માન સાથે લાગણી ભેર વિદાય આપવામાં આવી હતી.

# મોરબીના કેરાળા(હરીપર)ગામે રહેણાંકમાં દરવાજાના નકૂચા તોડી રૂપિયા ૩.૫૨ લાખના રોકડ તથા ઘરેણાની ચોરી

## ઘરધણી ફળિયામાં સૂતા હોય ત્યારે તસ્કરો પાછળના ભાગે રસોડાના દરવાજાના નકૂચા તોડી મસમોટી માલમત્તા ઉસેડી ગયા: પડોશમાં રહેતા નાનાભાઈના મકાનમાં પણ ચોરીનો પ્રયાસ કર્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના કેરાળા(હરીપર) ગામે અજાણ્યા તસ્કરોએ તરખાટ મચાવી રહેણાંક મકાનમાં ખેડૂત પરિવારને ઊંઘતા રાખી મકાનના પાછળના ભાગે આવેલ રસોડાના દરવાજાના નકૂચા તોડી ઘરમાં પ્રવેશ કરીને તિજોરીમાં રાખેલ સોના ચાંદીના ઘરેણાં તથા ૧.૫૦ લાખ રોકડા સહિત રૂપિયા ૩.૫૨ લાખથી વધુની માલમત્તા અજાણ્યા તસ્કરો ચોરી કરી લઇ ગયા હતા. હાલ મકાન માલિક દ્વારા નોંધાવેલ ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ચોર ઈસમો સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ચોરી અંગેની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકાના કેરાળા(હરીપર) ગામે રહેતા અમરશીભાઈ શીવાભાઈ ચારોલા ઉવ.૬૮એ આરોપી અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા જણાવ્યું હતું કે ગત તા.૨૦/૦૬ ના રોજ અજાણ્યા ચોર ઈસમો રાત્રીના ૧૧ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધીમાં કોઈપણ સમયે ફરીયાદી અમરશીભાઈના ઘરના પાછળના ભાગે રસોડાના દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશી બેડરૂમના લોખંડના કબાટની તીજોરીમાં રાખેલ સોના ચાંદીના દાગીના કિં.રૂ. ૨,૦૨,૧૧૨ તથા રોકડ રૂ.૧,૫૦,૦૦૦ ના મુદ્દામાલની ચોરી કરી તેમજ ફરીયાદીના નાનાભાઈ દિનેશભાઇના મકાનનો મેઈન દરવાજો તોડી અંદર પ્રવેશ કરી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જાગૃત્તિલક્ષી કાર્યક્રમનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના માર્ગદર્શન તળે સરસ્વતી શિશુમંદિર વિદ્યાલય, વિભાપર ખાતે બાળકો માટે જાગૃતિલક્ષી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં કાયદાકીય સુરક્ષા, જેન્ડર ઇક્વાલીટી, ગુડ ટચ એન્ડ બેડ ટચ, મહિલાઓને વિવિધ સરકારી યોજનાઓ અંગેની માહિતી DHEW ની ટીમ દ્વારા આપવામાં આવી હતી.

આ ઉપરાંત સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર, મહિલા પોલીસ સ્ટેશન, ૧૮૧ મહિલા





હેલ્પલાઈન, નારી અદાલત, મહિલા સુરક્ષા, વહાલી દીકરી યોજના જેવી વિવિધ યોજનાકીય માહિતી આપવામાં આવી હતી.

ઉક્ત કાર્યક્રમમાં સરસ્વતી શિશુમંદિર વિભાપર વિદ્યાલયના શિશુવિભાગના પ્રધાન આચાર્ય દમયંતીબેન અમરેલીયા, આચાર્ય હેમાંશુભાઈ પરમાર, DHEW ના ડીસ્ટ્રીકટ કો-ઓર્ડીનેટર અલ્પાબેન રાઠોડ, અસ્મિતાબેન સાદીયા, સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# હળવદની તક્ષશિલા સંકુલનુ ગૌરવ : જૂડો અને હેન્ડબોલની DLSS એન્ટ્રન્સ ટેસ્ટમાં ચાર વિદ્યાર્થીઓની રાજય કક્ષાએ પસંદગી થઇ

## DLSS માં એડમિશન મેળવી સરકાર દ્વારા રમતની સઘન તાલિમ, સ્કુલ અને હોસ્ટેલ સુવિધા તદ્દન નિ:શુલ્ક મેળવવા પાત્ર બન્યા

**મુખ્ય સમાચાર, હળવદ**

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કુલ (DLSS)માં એડમિશન માટેની પ્રુવન ટેસ્ટનુ રિઝલ્ટ જાહેર થયું. આ મેરિટ લિસ્ટમાં હળવદની તક્ષશિલા સંકુલના મોરતરીયા દિપ, અઘારા સ્મિત, વરુ કોમલ આ ત્રણ વિદ્યાર્થીઓ રાજયકક્ષાના જૂડો રમતમા અને ગોલતર વિવેક હેન્ડબોલમાં મેરિટમા પસંદગી પામ્યા છે. આ પ્રુવન ટેસ્ટમાં શટલ રન, પુશ અપ્સ, રોપ ક્લાઈમ્બિંગ, સ્પેશિયલ જૂડો ફિટનેસ ટેસ્ટ, જેવા ક્રાયટેરિયાથી જૂડો અને ડ્રિબ્લિંગ, જમ્પ શૂટ, થ્રો ધ બોલ વગેરે જેવી હેન્ડબોલની ટેકનિકથી સંયુક્ત





મેરિટ બને છે. રાજ્યકક્ષાએ પસંદ થતા આ ચારેય વિદ્યાર્થીઓને સરકાર દ્વારા હોસ્ટેલમા રહેવાનું અને સ્કુલમાં ભણવાનુ તથા જે તે રમતની સઘન તાલિમ નિ: શુલ્ક આપવામાં આવશે. આ વિદ્યાર્થીઓ પોતાની રમતમાં એશિયન, કોમનવેલ્થ તથા ઓલમ્પિક ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરે તેવી શુભેચ્છા શાળાના એમડી ડો. મહેશ પટેલે પાઠવી હતી. જુડો કોચ પૂજાબેન ઓરા તથા હેન્ડબોલ કોચ પ્રકાશ જોગરાણાએ આ વિદ્યાર્થીઓને ટેકનિકલ ટ્રેનિંગ આપતા જણાવ્યું હતું કે તક્ષશિલા સંકુલમાં સરકાર આયોજિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ૨૦૧૭ થી ઈનસ્કુલ યોજના ચાલી રહી છે જેમાં જુડો અને હેન્ડબોલ રમત છે જેમાં બાળકો પ્રેક્ટિસ કરે છે. શાળાના ટ્રસ્ટી રમેશ કૈલા, રોહિત સિણોજીયા અને હિતેશ કૈલાએ ત્રણેય વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ભ્રષ્ટાચારી પૂર્વ ટીપીઓ સાગઠિયાનો નાર્કો ટેસ્ટ કરવા કોંગી આગેવાનોની માંગ

## પોલીસ કમિશનર કચેરીએ આવેદનપત્ર આપવા આવેલા કોંગી અગ્રણીઓને પોલીસે અટકાવ્યા : મીડિયાના કર્મીઓને કમિશનર કચેરીએ પ્રવેશબંધી કરાતા ભારે હોબાળો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડ બાદ મહાનગરપાલિકાના અધિકારીઓ અને પોલીસની બેદરકારી સામે આવ્યા બાદ એક બાદ એક અધિકારીઓની ધરપકડ થઈ રહી છે. અને મનપાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની એસીબીએ ધરપકડ કર્યા બાદ કરોડોની બેનામી સંપતી મળી આવતા આજે કોંગ્રેસ દ્વારા ભ્રષ્ટાચારી સાગઠિયાના નાર્કો ટેસ્ટની માંગ કરવામાં આવી હતી.

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ગાયત્રીબા વાઘેલા, અશોકસિંહ વાઘેલા, કોર્પોરેટર વશરામભાઈ સાગઠિયા, જશવંતસિંહ ભટ્ટી સહિતના કોંગી આગેવાનો આજે પોલીસ કમિશનર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવા દોડી આવ્યા હતા. ત્યારે મોટી સંખ્યામાં મીડિયાનાકર્મીઓ પણ હાજર રહ્યા હતા. પોલીસ કમિશનર કચેરીના ગેટ ખાતે પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. કોંગી આગેવાનો દ્વારા ભ્રષ્ટાચારી સાગઠિયાના નાર્કો ટેસ્ટની માંગણી સાથે પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવવા આવ્યા હતા. પરંતુ તેઓને કચેરી બહાર જ રોકવામાં આવ્યા હતા. સાથે સાથે પોલીસ કમિશનર દ્વારા મીડિયાકર્મીઓ માટે પ્રવેશ બંધી કરવામાં આવી હોય જેના કારણે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો.

# સાયબર ક્રાઈમ પોલીસે અરજદારોને ૯૫ મોબાઈલ પરત અપાવ્યા




**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં અલગ અલગ સ્થળોએ ખોવાયેલા કે ગુમ થયેલા મોબાઈલની અરજીઓ સાયબર ક્રાઈમ પોલીસમાં કરવામાં આવી હોય જે બાબતે એસીબી બી.બી.બસીયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એમ.એ.ઝણકાંટની સુચનાથી કોન્સ્ટેબલ ધર્મિષ્ઠાબા સહિતના સ્ટાફે મોબાઈલ ટેક્નીકલ એનાલીસીસ કરી છેલ્લા બે મહિનામાં ગુમ થયેલા ૯૫ મોબાઈલ કિંમત આશરે ૧.૫૫ લાખના મોબાઈલો અરજદારોને પરત આપી સરહાનીએ કામગીરી કરવામાં આવી હતી.

# સરગમ ક્લબ તેમજ જયશ્રીબેન સંઘવીના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી ના સયુંકત ઉપક્રમે તા.૧/૦૭/૨૦૨૪ થી ૩/૦૭/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૫૪ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૨૦ લેગ (પગ) નાં દદી ૨૪ અને રીપેરીંગ ૧૦ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી (દુબઈ) તેમજ તેના પરિવારજનો તેજસભાઈ સંઘવી ના પરિવારનો સહયોગ મળેલ છે. દર વર્ષે ૧ જૂલાઈ ના રોજ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી (દુબઈ) દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે.

# માળીયા હાટીનાના આંબલગઢ ગામે પત્નીના કહેવાથી કળયુગના શ્રવણે માતા પર કુહાડીના ઘા ઝીંકયા

## મિલ્કત પ્રશ્ને ઝઘડો થતા વૃધ્ધ માતા પર હુમલો કરાયોઃ સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માળીયા હાટીનાના આંબળગઢ ગામે પિતાએ મિલકતના ભાગ કરી પોતાનો નિર્વાહ માંગતા પૂત્રવધુએ ગુસ્સામા આવી તારી માને કુહાડીથી માર તેમ કહેતા પુત્રએ માતા પર કુહાડીથી હુમલો કરતા માતા સારવાર હેઠળ ખસેડાયાં હતા.

આ અંગેની માહિતી મુજબ માળીયાહાટીના તાલુકાના આંબલગઢ ગામે રહેતા જયાબેન વીરાભાઈ મકવાણા (ઉ. વ. ૬૫) અને પતિએ તેમની ખેતીની જમીનના ભાગ પાડી બંને દીકરાને આપી દીધી હતી અને જીવન નિર્વાહ માટે બંને પુત્ર પાસે નાણા લેવાનું નક્કી કર્યું હતું. આ બાબતનું મનદુઃખ રાખી પાડોશમાં રહેતો નાનો પુત્ર જયસુખ અને તેની પત્ની ભાવનાએ ઘરની બહાર નીકળી જતા રહ્યા હતા અને પુત્રવધુ ભાવનાએ તેના પતિ જયસુખને પતારી માને કુહાડીથી મારથ તેમ કહેતા જયસુખે તેની માતાને કુહાડીનો એક ઘા મારી ડાબા હાથમાં ઈજા કરતા વૃદ્ધાને ખંભાળિયા અને બાદમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસે વૃદ્ધાની ફરિયાદ લઈ પુત્ર અને પુત્રવધુ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# માધાપર ચોકડી પાસે ઓફિસમાં ચાલતી જુગાર કલબ પર પોલીસ ત્રાટકી

## વેપારી સહિત સાત જુગારીઓની ધરપકડ કરી રૂા.૧.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર ચોકડી નજીક અંબીકા કોમ્પલેકસમાં ગ્રાઉન્ડ ફ્લોરની ઓફીસમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા ગાંધીગ્રામ પોલીસના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા વેપારી સહિત સાત શખ્સોને ઝડપી રૂા.૧.૧૨ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામ પોલીસના પીઆઈ બી.ટી. અકબરીની રાહબરીમાં પીએસઆઈ એસ.એલ. ગોહીલ, રોહીતભાઈ કછોટ, શક્તિસિંહ અને સ્ટાફે બાતમીને આધારે માધાપર ચોકડી નજીક અંબીકા કોમ્પલેક્સ ગ્રાઉન્ડ ફ્લોર ઓફીસ નં.૧૫૩માં જુગારનો દોડો પાડી જુગાર રમતા પરાસર પાર્કના લકીરાજસિંહે વનરાજસિંહ રાણા (ધંધો-વેપારી), જીવંતીકાનગરના દિગ્વિજયસિંહ હિતેન્દ્રસિંહ રાઠોડ, ધર્મેશ છેલશંકર વ્યાસ, જામનગર રોડ બ્રહ્મસમાજ સોસાયટીમાં રહેતા વિરેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા, રૈયાધારના કરણ પુના સાટીયા, મહેન્દ્રસિંહ નિરૂભા ગોહીલ અને શનિ સુરેશભાઈને પકડી રોકડ રૂા.૧૮૩૭૦ અને પાંચ મોબાઈલ સહિત રૂા.૧.૧૨ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.

# પાંચવડવાળા મામાદેવના મંદિરે અષાઢીબીજની આસ્થાભેર ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ તાલુકાના પાંચવડા ગામની સીમમાં આવેલા પાંચવડવાળા મામા દેવના મંદિરે તારીખ ૭ જુલાઈ ના રોજ અષાઢી બીજ ઉત્સવ નિમિતે બાવન ગજની ધજા ચડાવવા નો કાર્યક્રમ યોજાશે. તેમજ અષાઢી બીજ નિમિતે બટુક ભોજન તથા સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ છે.જેમાં દરેક ધર્મપ્રેમી જનતાને સવારે ૯ કલાકે પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.તેમ ભીમજી ભાઈના પુત્ર બાબુભાઇની યાદી જણાવે છે.વધુ વિગત માટે મો. નંબર ૯૮૭૯૫ ૯૮૪૦૩ તથા ૮૦૦૦૦૫૫૦૭૨ પર સંપર્ક કરવો.



# સંતશ્રી વેલનાથ જયંતિ નિમિતે રવિવારે રાજકોટમાં નીકળશે ભવ્ય શોભાયાત્રા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિ દ્વારા ૨૪ વર્ષની સફળતાબાદ રાજકોટની ૨૫મી શોભાયાત્રાની સિલ્વર જયુબલી નિમિતે ઐતિહાસીક ઉજવણી થશે. ચુંવાળીયા કોળી વિદ્યાર્થી બોર્ડીંગ પ્રેરિત તા.૭ ના રાજમાર્ગો પર શોભાયાત્રા નીકળશે. આ શોભાયાત્રાને રૂટ બહુમાળી ભવન ચોક થી સવારે ૯.૦૦ કલાકે થી પ્રસ્થાન ચૌધરી ગ્રાઉન્ડ ચોક, હોસ્પિટલ ચોક, પારેવડી ચોક, બેડીપરા, પટેલવાડી, પાંજરાપોળ, સંતકબીર રોડ, કે.ડી.કોમ્પ્લેક્ષ ચોક, ગોવિંદબાગ મેઈન રોડ, પાણીનો ઘોડો,



(તસ્વીરઃ આનંદ જાવિયા)

બાલક હનુમાનજી ચોક, પેડક રોડ, સેટેલાઈટ ચોક, પંડિત દીનદયાલ હોલ ખાતે સમાપન બાદ મહાપ્રસાદ રાખેલ છે. આ શોભાયાત્રા માં સમાજની વિવિધ સંસ્થાઓ, મંડળો, ગ્રુપો, ટ્રસ્ટો, સેનાઓના હોદ્દેદારો તથા સમાજના સહુ ધર્મપ્રેમી ભાઈઓ, બહેનો, બાળકો, વડિલો તથા યુવાનો બહોળી તેમજ ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, વકિલો, શિક્ષકો, સરકારી કર્મચારીઓ, ઉચ્ચકક્ષાના અધિકારીઓ, સરપંચશ્રીઓ, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, જિલ્લા પંચાયતના સદસ્યઓ, નગરપાલિકાના નગર સેવકો, સામાજિક આગેવાનો, પોત-પોતાના વાહનો સાથે આ શોભાયાત્રામાં જોડાવા સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિ દ્વારા સહુને આહવાન કરે છે. આ શોભાયાત્રાનું પ્રસ્થાન સમાજના સંતો, મહંતો અને રાજકીય મહાનુભાવો અને સામાજિક શ્રેષ્ઠીઓ હસ્તે થશે. આ શોભાયાત્રાનું આમંત્રણ પ્રેસ મીડિયાના માધ્યમથી સમસ્ત કોળી જ્ઞાતિજનોએ સ્વીકારી લેવા અમારી વિનંતી છે. તેમ સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિના પ્રમુખ દેવાંગભાઈ કુકાવા, મહામંત્રી દિપકભાઈ બાબરીયા, ઈન્ચાર્જ દેવભાઈ કરોડીયા, ખજાનચી દિપકભાઈ માનસુરીયા તથા સર્વે હોદ્દેદારોની અખબાર યાદીમાં જણાવેલ છે.

# રાજકોટ ડિવિઝન માં ચાલી રહેલા વિદ્યુતીકરણના કામને કારણે ઓખા-વારાણસી અને ઓખા-ગુવાહાટી ટ્રેનો રીશેડ્યુલ કરવામાં આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ-ખંડેરી-પડધરી સેક્શનમાં વિદ્યુતિકરણ કામગીરી ના લીધે બે ટ્રેનો ને રિશિડ્યુલ કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ છે.

રીશેડ્યુલ કરેલ ટ્રેનોઃ ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-વારાણસી એક્સપ્રેસ ને ૦૪.૦૭.૨૦૨૪ ના રોજ ઓખા થી ૧ કલાક ૪૦ મિનિટ મોડી એટલે કે ૧૫.૪૫ કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે.

ટ્રેન નંબર ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી એક્સપ્રેસને ૦૫.૦૭.૨૦૨૪ ના રોજ ઓખા થી ૨ કલાક મોડી એટલે કે ૧૪.૧૫ કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

# રાજકોટ જિલ્લાના આઠ જળાશયોમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા નીરની નોંધપાત્ર આવક

## ભાદર-૨ ડેમ ૮૧.૧૧ ટકા જ્યારે ન્યારી-૨ ડેમ ૪૧.૧૪ ટકા ભરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના આઠ જળાશયોમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા નીરની નોંધપાત્ર આવક થઈ છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયા મુજબ, ભાદર ડેમમાં ૦.૫૨ ફૂટ, ફોફળ ડેમમાં ૦.૨૩ ફૂટ, વેણુ-૨ ડેમમાં ૧.૩૧ ફૂટ, આજી-૩ ડેમમાં ૧.૮૪ ફૂટ, સોડવદર ડેમમાં ૨.૬૨ ફૂટ, ન્યારી-૨ ડેમમાં ૦.૩૩ ફૂટ, ભાદર-૨ ડેમમાં ૦.૧૬ ફૂટ, ઘેલો સોમનાથ ડેમમાં ૦.૧૦ ફૂટ નવા નીર આવ્યા છે.

ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો, અત્યાર સુધીમાં આવેલા નીરના કારણે ભાદર ડેમ ૮.૦૧ ટકા, ફોફળ ડેમ ૩૩.૬૮ ટકા, વેણુ-૨ ડેમ ૪૦.૭૦ ટકા, આજી-૩ ડેમ ૨૧.૪૭ ટકા, સોડવદર ડેમ ૧૩.૮૩ ટકા, ન્યારી-૨ ડેમ ૪૧.૧૪ ટકા, ભાદર-૨ ડેમ ૮૧.૧૧ ટકા, ઘેલો સોમનાથ ડેમ ૫.૭૪ ટકા ભરાયો છે.

હાલ આજી-૨ ડેમનો એક દરવાજો ૦.૦૭૫ મીટર તથા ભાદર-૨ ડેમનો એક દરવાજો ૦.૦૭૫ મીટર ખુલ્લો છે.

# રાજકોટ ગરાસીયા છાત્રાલયમાં જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ટી ૩ કેમ્પ યોજાયા

## ૩૭૦ થી વધુ વિદ્યાર્થીઓના લોહતત્વ અને સ્વાસ્થ્યનું પરિક્ષણ કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

એનિમિયા મુકત ભારત અભિયાન અંતર્ગત જિલ્લા આરોગ્યતંત્રના ઉપક્રમે યુનિસેફના સંકલનથી રાજકોટ ખાતે હરભમજીરાજ ગરાસીયા છાત્રાલયમાં ટી ૩ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૭૦થી વધુ વિદ્યાર્થીઓમાં લોહતત્વની ઉણપ અંગેના પરિક્ષણની સાથે સાથે વજન અને ઉંચાઈની ચકાસણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજકોટના રાજવી શ્રી માંધાતાસિંહ જાડેજાએ પ્રેરક ઉદબોધન કરતાં વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવી એનિમિયામુકત ભારત અભિયાનને સફળ બનાવવા અનુરોધ કર્યો હતો.

આ નિમિત્તે NCC રાજકોટ ઝોનના ગ્રુપ કમાન્ડિંગ ઓફિસર બ્રિગેડિયર એસ. સંજયે કેન્દ્ર અને રાજ્ય સરકાર નોકરીઓમાં જોડાવા અંગે માર્ગદર્શન આપતાં વિદ્યાર્થીઓને સદાય તન અને મનથી સ્વસ્થ, તંદુરસ્ત અને સશકત રહીને ઉજજવળ કારકિર્દીનું ઘડતર કરવા શીખ આપી હતી.

આ કાર્યક્રમમાં કેપ્ટન જયદેવ જોશીએ લોહતત્વ વધારવાના ઘરગથ્થુ અને સરળ ઉપાયો જણાવી કિશોર - કિશોરીઓને તેમના રોજિંદા વ્યવહારોમાં પરિવર્તન લાવી એનીમિયા મુક્ત અને નિરોગી રહેવા સમજણ આપી હતી.

પબ્લિક હેલ્થ મેનેજર ડો. રાજેશ માંકડિયાએ એનિમિયા તેમજ એનિમિયા થવાના કારણો, નિદાન અને સારવાર વિશે વિગતવાર જાણકારી આપી હતી જયારે ન્યુટ્રિશન તજજ્ઞ હિતાવહી મહેતા અને તેમની ટીમે પોષણયુક્ત આહાર સંબંધી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કેમ્પમાં રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ તરફથી હિમોગ્લોબીનની ઉણપ ધરાવતા વિદ્યાર્થીઓને જરૂરી આઈ.એફ.એ. ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે રાજકોટના એમ.ઓ.એચ. ડો. જયેશ વાંકાણી અને આર.સી.એચ.ઓ. ડો.લલિત વાંઝાના માર્ગદર્શન હેઠળ આર.બી.એસ.કે. તબીબો સહિતની ટીમે આ કેમ્પને સફળ બનાવ્યો હતો.આ કેમ્પના સુચારૂ આયોજન અને સફળતા માટે કલાસના સંચાલક શ્રી દૈવતસિંહ જાડેજા તથા ગૃહપતિ શ્રી રણવીરસિંહ જાડેજાએ ભારે જહેમત ઉઠાવી હતી જયારે આભારવિધિ બોર્ડીંગના ટ્રસ્ટી શ્રી હરિશ્ચંદ્રસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અગાઉ રાજકોટ ખાતે યુનિસેફ-ગુજરાતના સહયોગી સેપ્લેબ-આઇ.આઇ.ટી.-ગાંધીનગર તરફથી એનિમિયા મુકત ભારત અભિયાન અંતર્ગત યોજાયેલ કેમ્પમાં ૯૦૦થી વધુ NCC કેડેટસના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી.

# રાહુલ ગાંધીના નિવેદનનો મામલે મોરબીમાં વિશ્વ હિન્દુ પરિષદ અને કોંગ્રેસ આમને સામને

## વીએચપી બજરંગ દળના કાર્યકરોની અટકાયત

**મુખ્ય સમાચાર, મોરબી**

રાહુલ ગાંધી દ્વારા સંસદમાં હિન્દુ વિરૂદ્ધ ટિપ્પણી કરવામાં આવી હતી. જેને લઇને મોરબી કોંગ્રેસ કાર્યલય ખાતે બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.સામે કોંગ્રેસ દ્વારા પણ નારે બાજી કરવામાં આવી હતી. જે મામલો ગરમાતા પોલીસ દ્વારા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.




મળતી માહિતી અનુસાર, રાહુલ ગાંધી દ્વારા સંસદમાં હિન્દુ વિરૂદ્ધ ટિપ્પણી કરવામાં આવી હતી. જેને લઇને મોરબીમાં રાહુલ ગાંધીના નિવેદન મુદ્દે વિરોધ કરવામાં આવ્યો હતો. બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કોંગ્રેસ કાર્યાલયની સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ત્યારે સામે કોંગ્રેસ દ્વારા પણ નારે બાજી કરવામાં આવી હતી. તેથી કોંગ્રેસ અને બીજી બાજુ વિશ્વ હિન્દુ પરિષદ,બજરંગ દળ આમને સામને આવી ગયા હતા. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટના ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડની લપેટમાં બે પીઆઈ દાઝયા

## ગેમ ઝોન કૌભાંડમાં સંડોવાયેલા મનપાના ૭ અને પોલીસ વિભાગના ૨ મળી કુલ નવ અધિકારીઓને અગાઉ સસ્પેન્ડ કરાયા બાદ સીટના રીપોર્ટ પરથી ગૃહ વિભાગે રાજકોટ તાલુકા પોલીસના પૂર્વ પીઆઈ ધોળા અને વણઝારાને સસ્પેન્ડ કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**





ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ભ્રષ્ટ અધિકારીઓના કારણે ૨૭ લોકો ભડયું થઈ મોતના મુખમાં ધકેલાઈ ગયા હતા. આ સમયે સરકારે તાબડતો આઈપીએસ સુભાષ ત્રિવેદીની આગેવાની હેઠળ સૌટીની રચના કરી તપાસ અહેવાલ સુપ્રત કરવા કહ્યું હતું.

ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં અનેક માસુમોના જીવ ગયા છે. આ પટનાએ સમગ્ર ગુજરાતને હચમચાવી દીધું હતું. સરકાર દ્વારા આ ઘટનામાં ઊંડાણપૂર્વક તપાસ કરવાના આદેશ આપી સીટની રચના કરવામાં આવી હતી.જેથી સીટે ગત ૨૧ જુને સરકારને તપાસ રિપોર્ટ સુપ્રત કર્યો હતો અને આ રિપોર્ટ પર કેબિનેટ બેઠકમાં ચર્ચા પણ કરવામાં આવી હતી. જેના અંતે સૂત્રોમાંથી એવી માહિતી મળી રહી છે કે, ડિપાર્ટમેન્ટલ તપાસમાં પાંચથી છ અધિકારીઓને જવાબદાર ગણવામાં આવ્યા છે મહત્વનું છે કે વર્ષ ૨૦૨૧ માં ખોટી રીતે પરવાનગી અપાઈ હોવાનો ખુલાસો થયો હતો. તે સમયે પરવાનગી આપનાર અધિકારીઓને રિપોર્ટમાં જવાબદાર ગણાવાયા છે.

સામે એક્શન લેવાઈ શકે છે. તેવું પણ જણાવવામાં આવ્યું છે. આ કાંડમાં ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી પરવાનગી રિન્યુ કરવામાં જે અધિકારીઓનો રોલ હતો એમનો પણ રિપોર્ટમાં ઉલ્લેખ કરી જવાબદાર ગણવામાં આવ્યા છે. અગાઉ આ મામલે પોલીસ વિભાગે તાબડતોબ પીઆઈ રાઠોડ અને પીઆઈ પટેલને સસ્પેન્ડ કરી દીધા હતા તો ગૃહ વિભાગે હાલના સમયના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જોઈન્ટ પોલીસ કમિશનર વિધિ ચૌધરી, ડીસીપી સુધીર દેસાઈની બદલી કરી સાઈડ લાઈન કરી દેવામાં આવ્યા હતા. તો કોર્પોરેશન ના મુખ્ય ટીપીઓ સાગઠીયાની ભૂમિકા મહત્વની જોવા મળતા તે સહિતના સાત જેટલા કર્મચારીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેથી


કોર્પોરેશને ટીપીઓ સાગઠીયા બે એટીપીઓ રાજેશ મકવાણા અને મુકેશ મકવાણા ટીપી એએઈ જયદીપ ચૌધરી, કાયર સ્ટેશન ઓફિસર રોહિત ગીગોરા, ચીફ ફાયર ઓફિસર ઠેબા અને આઈ.બી ખેરને પણ સસ્પેન્ડ કરી દેવાયા હતા. આમ મહાનગરપાલિકા અને પોલીસ વિભાગમાંથી કુલ નવ જવાબદાર વ્યક્તિઓને સસ્પેન્ડ કરી દેવાયા છે.

સીટ દ્વારા રજુ કરાયેલા રિપોર્ટના અભ્યાસ બાદ ગૃહ વિભાગે ડીજીપી ને રિપોર્ટ કર્યો હતો અને તેમાં ૨૦૨૧ માં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીઆઈ વણઝારા અને ત્યારબાદ પીઆઈ ધોળાને દોષિત ઠેરવ્યા છે. જેના આધારે ડીજીપી વિકાસ સહાયે બંને પીઆઇ ને સસ્પેન્ડ કરતો હુકમ કરતા પોલીસ ભેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# ન્યુ સાગર સોસાયટીમાં વિદેશી દારૂની મોંઘીદાટ ૭૨ બોટલ સાથે બુટલેગર ઝડપાયો

## ધ્રુવનગરમાં બુટલેગરના મકાનમાંથી ૨૮ દારૂના ચપલા કબજે : બુટલેગર ફરાર

**મુખ્ય સમાચાર રાજકોટ**



શહેરના કોઠારિયા રોડ પર ન્યુ સાગર સોસાયટીમાં બુટલેગરની ૭૨ બોટલ સાથે પોલીસે ધરપકડ કરી રૂ.૭૨ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ભક્તિનગર પોલીસના પીએસઆઈ એમ.એન.વસાવા કોન્સ્ટેબલ વિશાલભાઈ દવે સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે કોઠારિયા રોડ પર મોમાઈ પાન વાળી શેરીમાં ન્યુ સાગર સોસાયટીમાં રહેતો ધવલ કાંતિગીરી ગોસાઈના મકાનમાં દરોડો પાડતા અલગ અલગ બ્રાંડની વિદેશી દારૂની મોંઘીદાટ ૭૨ બોટલ કિંમત રૂ.૭૨ હજારનો મુદ્દામાલ મળી આવતા પોલીસ બુટલેગર ધવલની ધરપકડ કરી હતી.

જ્યારે અન્ય એક બનાવમાં ગાંધીગ્રામ પોલીસમાં એએસઆઈ ડી.આર.રાણા તથા કોન્સ્ટેબલ મુકેશભાઈ સહિતના સ્ટાફે ધ્રુવનગર સોસાયટીમાં રહેતો વિપુલ છબીલ ધોડક્યિાના મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂના ૨૮ ચપાલા કિંમત રૂ.૫૬૦૦નો મુદ્દામાલ મળી આવતા પોલીસે દારૂ કબ્જે કરી ઘરે હાજર નહિં મળી આવેલ વિપુલની શોધખોળ શરૂ કરી છે.

# પૂર્વ ટીપીઓ સાગઠીયાની ઓફીસમાંથી એસીબીએ કબજે કરેલા દાગીના–રોકડ સહિત ૧૮ કરોડનો મુદ્દામાલ ટ્રેઝરીમાં જમા કરાવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકો ભડયું થઈ મોતના મુખમાં ધકેલાયા બાદ સરકારે અલગ અલગ કમિટીઓની રચના કરી તપાસનો દોર શરૂ કર્યો હતો. ત્યારે મુખ્ય ભૂમિકામાં સંડોવાયેલા રાજકોટ મહાનગરપાલિકાના ટીપીઓ મનસુખ સાગઠીયાની ધરપકડ કરવામાં આવી હતી. અગ્નિકાંડમાં ક્રાઈમ બ્રાન્ચે કરેલી ધરપકડના અંતે તેને જેલ હવાલે કરાયા હતા. ત્યારે એસીબીએ પણ અપ્રમાણસર મિલકત અંગેનો ગુનો દાખલ કર્યો હતો. જે ગુના સબક જેલમાંથી કબજો મેળવ્યા બાદ તેમની ઓફિસ પર ચકાસણી દરમિયાન સોના ચાંદીના બિસ્કીટ, ૩ કરોડની રોકડ સહિત ૧૮ કરોડની માલમતા મળી આવતા સૌ કોઈ ચોકી ઉઠયા હતા. આજરોજ એસીબીએ રિમાન્ડની માંગણી સાથે સાગઠીયાને અદાલતમાં રજૂ કરતા અદાલતે ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. તો બીજી તરફ એસીબીએ કબજે કરેલી સોના ચાંદીના બિસ્કીટ દાગીના રોકડ સહિતની માલમતા પંચનામુ કરી ટ્રેઝરીમાં જમા કરાવવામાં આવી છે. જેલમાંથી વિધીવત મનસુખ સાગઠીયાનો કબ્જો મેળવી એસીબી દ્વારા અપ્રમાણસર મિલ્કતના ગુનામાં તેની ધરપકડ કરાઇ હતી. તેની સામે નોંધાયેલા આ ગુના અંતર્ગત તેને રિમાન્ડ માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવતાં ૬ દિવસના રિમાન્ડ મંજુર કરાયા હતાં. ડીવાયએસીપી આશુતોષ પરમારની આગેવાની હેઠળ ચાલી રહેલી તપાસમાં સાગઠીયાના ભાઈની ઓફિસમાંથી કોઈ દસ્તાવેજો મળી આવ્યા નથી. એસીબી દ્વારા પુરાવાની સાંકળ રચી વહેલી તકે ચાર્જશીટ કરવાની કાર્યવાહી આરંભી દેવામાં આવી છે. એસીબીની ટીમે ગઈકાલે સાગઠીયાના ભાઈની ઓફિસમાંથી જે કરોડોની માલમત્તા કબ્જે કરી તે તેણે કેવી રીતે એકઠી કરી? બિલ્ડરો પાસેથી ચોક્કસ આર્કિટેક્ટ દ્વારા મનસુખ સાગઠીયા મોટા મોટા કામ પાર પાડતો હોવાનું જગજાહેર છે ત્યારે આ આર્કિટેક્ટની પણ આવતા દિવસોમાં પુછતાછ થાય તેવા અણસાર છે.

# લોહાનગરમાં નવોઢાનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના લોહાનગરમાં સાત મહીના પૂર્વે જ પરણેલી નવોઢાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પતિ સાથે ઝઘડો થતાં લાગી આવવાથી લાકડાની આડી સાથે સાંડી બાંધી જીવન ટુંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ ગોંડલ રોડ પર લોહાનગરમાં ચારબાઈ મંદિર પાસે રહેતી દિવ્યા દેવજીભાઈ ઉધરેજીયા (ઉ.૨૧) નામની પરિણીતાએ આજે વહેલી સવારે પોતાના ઘરે લાકડાની આડી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લેતા તેને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાઈ હતી. જયાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે સિવિપલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી એ ડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પીટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતક દિવ્યાબેનના લગ્ન સાત મહીના પૂર્વે જ થયા હતા. તેનો પતિ કારખાનામાં મજુરી કામ કરે છે. સામાન્ય બાબતે પતિ સાથે ઝઘડો થતા લાગી આવવાથી આ પગલું ભરી લીધાનું ખુલવા પામ્યું છે. આ બનાવથી પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# બસ સ્ટેન્ડમાં ભુલાયેલી રોકડ તથા દાગીના ભરેલી બેગ મેનેજરે મુસાફરને પરત આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટના વોલ્વો ડેપો મેનેજર હુંમરને બસ સ્ટેશન ખાતેથી એક બિનવારસ બેગ મળી આવતા તેમાંથી રૂ.30,000 રોકડા તથા એક લાખ કરતા વધુ રકમના દાગીના મળ્યા હતા. આ બેગના માલિકને શોધવાનો ખૂબ જ પ્રયત્ન કરેલા પરંતુ કોઈ પતો મળેલ નહિ. બાદમાં બેગમાં રહેલ પાકીટમાંથી એક ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ કોપી મળી આવતા ડેપો મેનેજર દ્વારા આ ચૂંટણી કાર્ડના એડ્રેસ ઉપર રજીસ્ટર આર.પી.એ.ડી થી ટપાલ મોકલી પોતાની ખોવાયેલી બેગ ખરાઈ કરી ડેપો ખાતેથી મેળવી જવા માટે પત્ર લખતા આ બેગના મૂળ માલિક વડોદરાના નિવાસી ગંગાબેન સેવકરામ બસ સ્ટેશન ખાતે રૂબરૂ આવેલ અને બેગમાં રહેલ રોકડ દાગીના તથા અન્ય ચીજ વસ્તુઓની ખાતરી કરતા આ બેગ ડેપો ખાતેથી તેમને આપેલ હતું. બેગના માલિકે ભાવવિભાર થઈ સ્ટાફનો આભાર માન્યો હતો.

# રીક્ષામાં મોઢુ બહાર કાઢી ઉલ્ટી કરવા જતા ઈકો કારની હડફેટે પ્રૌઢનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના નાગલપર ગામે રહેતા પ્રૌઢ છાતીમાં દુખાવો ઉપાડતા પેસેન્જર રિક્ષામાં બેસી રાજકોટ દવા લેવા માટે આવતા હતા ત્યારે અજાણ્યા ઇકો કારના ચાલકે રિક્ષાને ઠોકરે ચડાવતા દવા લેવા આવતા પેસેન્જર પ્રોઢનું મોત નીપજ્યું હતું પ્રૌઢના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ તાલુકાના નાગલપર ગામે રહેતા નારણભાઈ બાબુભાઈ જોગડીયા નામના ૪૫ વર્ષના પ્રૌઢ પેસેન્જર રીક્ષામાં બેસીને રાજકોટ આવતા હતા ત્યારે રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં નાગલપર ગામ પાસે અજાણ્યા ઈકો કારના ચાલકે રિક્ષાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘવાયેલા ઘવાયેલા નારણભાઈ જોગડીયાને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક નારણભાઈ જોગડીયા ત્રણ ભાઈમાં નાના હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે નારણભાઈ જોગણીને છાતીમાં દુખાવો ઉપડતાં રાજકોટ દવા લેવા માટે આવતા હતા ત્યારે તેમને જીવલેણ અકસ્માત નડયો હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે કુવાડવા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પડધરીના વણપરી ટોલનાકા પાસે બાઈક સાથે બળદ અથડાતા ચાલકનું મોત

## પડધરી નોકરી કરી ખજૂરી ગામે પરત ફરતા આધેડને કાળે આંતર્યા; પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર, પડધરી**



પડધરી તાલુકાના ખજુરી ગામે રહેતા આધેડ પડધરી નોકરી કરી પોતાનું બાઈક લઈ ઘરે જઈ રહ્યા હતા ત્યારે વણપરી ટોલનાકા પાસે બાઈક બળદ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો અકસ્માત ગંભીર રીતે ઘવાયેલા આધેડનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

આ અંગેની માહિતી મુજબ પડધરી તાલુકાના ખજૂરી ગામે રહેતા જગદીશભાઈ મગનભાઈ સોંદરવા નામના પર વર્ષના આધેડ પોતાનું બાઈક લઈ પડધરીના ખજુરી ગામ જઈ રહ્યા હતા ત્યારે વણપરી ટોલનાકા પાસે રસ્તા પર બળદ અચાનક આડો ઉતરતા જગદીશભાઈએ ડ્રાઈવિંગ પરનો કાબૂ ગુમાવતા બાઈક બાઈક સાથે અથડાયું હતું જે અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા જગદીશભાઈને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં જગદીશભાઈ સોંદરવાનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં જગદીશભાઈ એકની એક બહેનના એકના એક ભાઈ હતા અને તેમને સંતાનમાં ચાર પુત્ર છે જગદીશભાઈ સોંદરવા પડધરીમાં ખાનગી હોસ્પિટલમાં સિક્યુરિટી તરીકે નોકરી કરતા હતા અને નોકરી કરી ઘરે પરત જતા હતા ત્યારે રસ્તામાં જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પડધરી પોલીસે નોંધ કરી વધુ તપાસ કરે છે.

# રાજકોટમાં રૂ.૧.૦૯ કરોડની ૧૩ ગાડીઓ ભાડે રાખી બારોબાર વેચી દેવાનું કૌભાંડ

## ટ્રાવેલ્સની ઓફિસના સંચાલક સહિત ત્રણ સામે પૂર્વ આયોજિત કાવતરૂ રચી કૌભાંડ આચર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં જુદા જુદા લોકો પાસેથી રૂ.૧.૦૯ કરોડની ૧૩ અલગ અલગ કંપનીની કાર ભાડે રાખી બારોબાર વેંચી દીધાનું કૌભાંડ બહાર આવતા ગાંધીગ્રામ-૨ યુનિ. પોલીસે ટ્રાવેલ્સના સંચાલક સહિત ત્રણ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રૈયા ગામમાં આવેલ ચાંદની મંડપ સર્વિસની બાજુમાં જેકે પાર્કમાં રહેતા જાવીદશા ઈસ્માઈલશા શાહમદાર નામના યુવાને ગાંધીગ્રામ-૨ યુનિ. પોલીસમાં શ્લોક મોનલ સુકલા તથા હર્ષિલ મોનલ સુકલા (રહે.બન્ને નાગેશ્વર સોસાયટી સિધ્ધાર્થ ગોલ્ડ એપાર્ટમેન્ટના ત્રીજા માળે) તથા અમિત મધુકર ત્રિવેદી સહિત ત્રણ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, આ ત્રણેય શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરૂ રચી રૈયા રોડ પર આવેલ તુલશી સુપર માર્કેટ સામે હરી એમ્પાયરમાં ઓફિસ નં.૧૦૪માં ટ્રાવેલ્સની ઓફિસ શરૂ કરી ફરિયાદી જાવીદશા, શાહેદ મનિષભાઈ પંડ્યા તથા સરફરાજ સહિતના લોકોને વિશ્વાસમાં લઈ તેના સગા સંબંધી મિત્રોની અલગ અલગ કંપનીની અલગ અલગ મોડલની ૧૩ ગાડીઓ કિંમત રૂ.૧૦૯૫૦૦૦૦ની ભાડે રાખી આ તમામ ગાડીઓ બારોબાર કોઈ માણસો પાસે ગીરવે મૂકી કે બારોબાર વેંચી દઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ નોધાવી હતી. બનાવના પગલે પીએસઆઈ ડી.આર.રત્નોએ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# મેટોડા પાસે આસ્થા વિલેજ સોસાયટીમાં મધરાત્રે લુટારુઓ ત્રાટક્યા

## ઘરમાં ઘુસી દંપતી પર લોખંડના સળીયા વડે હુમલો કરી ફોન તથા રોકડ મળી રૂ.૧૬ હજારની લુટ ચલાવી નાસી ગયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલા મેટોડામાં જ્યોતિ સીએનસી સામે આસ્થા વિલેજ સોસાયટીમાં ઘરમાં ઘુસી દંપતી પર હુમલો કરી લુટારુઓ લુટ ચલાવી નાસી ગયાની ઘટના પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. બનાવના પગલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી માહિતી મુજબ મેટોડામાં આવેલ આસ્થા વિલેજ સોસાયટીમાં રહેતા જયેશભાઈ ઉકાભાઈ ડોડિયા નામના રજપુત યુવાને મેટોડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે વહેલી સવારે ૩:૩૦ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા ત્રણ થી ચાર શખ્સો લુટના ઈરાદે રસોડાના કાચની બારી તોડી અંદર ઘુસી મોબાઈલ તથા કબાટમાંથી રોકડા રૂ.૧૦૦૦ સહિત રૂ.૧૬ હજાર મતાની ચોરી કરી હતી. તે દરમિયાન તેના પત્ની જાગી જતા અને બુમાબુમ કરતા અને પોતે પણ જાગી ગયા હતા. ત્યારે લુટારુઓ સામે પ્રતિકાર કરતા ઝપાઝપી થઈ હતી. અને લોખંડના સળીયા વડે લુટારુઓ દંપતી પર હુમલો કરતા બંનેને ઈજા પહોંચી હતી. અને લુટારુઓ ભાગવા જતા લોકો જાગી જતા પથ્થરના ઘા ફેકી નાસી ગયા હતા. ઘટના બાદ મોટોડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પીએસઆઈ કે.વ.પપરમારે અજાણ્યા શખ્સો સામે લુટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બહુચર્ચિત ભાસ્કર અપહરણ કેસમાં બે સાહેદો હોસ્ટાઈલ થયાઃ બે ગેરહાજર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ૨૦૦૦ની સાલના બહુચર્ચિત ભાસ્કર - પરેશ અપહરણ કેસમાં ચાર્જ ફ્રેમ થયા બાદ મુખ્ય ફરિયાદી-સાહેદ કોર્ટમાં આરોપીઓને ઓળખી નહિ શકતા હોસ્ટાઈલ જાહેર કરાયા બાદ વધુ ચાર સાહેદોની જુબાની ઓળખ પરેડના બે પંચ સાહેદોની જુબાની બાદ તેમને પણ હોસ્ટાઇલ જાહેર કરાયા છે જયારે બે સાહેદો ગેરહાજર રહ્યા છે આ કેસમાં તપાસનીશ અધિકારીને જુબાની માટે કોર્ટમાં હાજર થવા સમન્સ પાઠવવામાં આવ્યું છે.

રાજકોટના ૨૪ વર્ષ જુના ભાસ્કર-પરેશ અપહરણ કેસમાં ગઈકાલે તારીખ ૨ જુલાઈના રોજ જજ ડી એસ સિંહની અદાલતમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે જ અપહ્યુત ભાસ્કર પ્રભુદાસ પારેખ અને પરેશ લીલાધર શાહ આરોપીઓને ઓળખી નહિ શકતા હોસ્ટાઈલ જાહેર થયા હતા જયારે આજે એટલે કે બીજા દિવસે તારીખ ૩ના ઓળખ પરેડ માટે તત્કાલીન મામલતદાર માલવી અને માલવિયાનગર પોલીસ મથકના પીએસઓ પટેલ, મનીષ રસિકભાઈ બાવરીયા અને રજનીકાંત ચુનીલાલ લોઢીયાને સમન્સ પાઠવવામાં આવ્યાહતા જેમાં મામલતદાર અને પીએસઓ ગેરહાજર રહ્યા હતા જયારે મનીશ અને રજનીકાંત બંનેની જુબાની લેવામાં આવતા બને પંચો પણ હોસ્ટાઈલ જાહેર થયા હતા આ કેસમાં આજે તપાસનીશ અધિકારીને સાહેદી સમન્સ પાઠવી જુબાની માટે કોર્ટમાં હાજર થવા હુકમ કર્યો છે.

# ગોંડલના આશાપુરા મંદિરના ચોકીદારને બંધક બનાવી તસ્કરો આભુષણ તથા રોકડ ચોરી ગયા

## રૂા.૩.૧૫ લાખની મતા ચોરી જનાર તસ્કરો સીસીટીવીમાં કેદઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલનાં ૩૫૦ વર્ષ જુના રાજવી પરિવાર હસ્તક નાં આશાપુરા માતાજીનાં પુરાતન મંદિરમાં ગત રાત્રીનાં ત્રણ જેટલા તસ્કરોએ મંદિરનાં ચોકીદારને તેની ઓરડીમાં પુરી દઇ આશાપુરા મંદિર તથા બાજુમાં આવેલા ગણેશ મંદિરને નિશાન બનાવી માતાજીનાં આભુષણો તથા રોકડ મળી કુલ રૂ. ૩.૧૫ લાખ ની માલમતાની ચોરી કરી જતા સનસનાટી મચી જવા પામી હતી.બનાવ નાં પગલે રાજવી પરીવાર તથા જીલ્લા પોલીસ વડા,ડીવાયએસપી,એલસીબી,ડોગ સ્કવોડ સહિત નો કાફલો આશાપુરા મંદિર દોડી જઈ ચોકીદાર ની ફરિયાદ લઈ તપાસ નાં ચક્રોગતિમાન કર્યા હતા.

ગોંડલમા આશાપુરા મંદિર માં ગત રાત્રીનાં એક થી બે વાગ્યા દરમિયાન મંદિર નાં ચોકીદાર યોગેન્દ્રસિહ બલવંતસિંહ થાપા ઉ.૭૫ કુતરા ભસતા હોય બેટરી લઈ રાઉન્ડ મારી રહ્યા હતા.તે સમયે અચાનક ધસી આવેલાં શખ્સે યોગેન્દ્રસિહ ને દબોચી તેની ઓરડીમાં ઢસડી જઈ ખુરશી સાથે બાંધી દીધા હતા.યોગેન્દ્રસિંહ નાં ખિસ્સા માં રહેલું તેમની દિકરીનું મંગળસુત્ર કાઢી લઈ ઓરડીમાં પુરી દઈ બહાર સાંકળ મારી દીધી હતી. બાદ માં તસ્કરોએ આશાપુરા મંદિર નાં ચારેય દરવાજાનાં તાળા તોડી મંદિર માંથી ચાંદીનાં મોટા છતર ૪ નંગ,ચાંદીની પાદુકા ૧ નંગ,ચાંદીની થાળી ૧ નંગ,ચાંદીની કંકાવટી ૧ નંગ,સોનાનાં ચાંદલા ૬૫ નંગ , સોનાની નથ ૧ નંગ ઉપરાંત બાજુમાં આવેલા ગણપતી મંદિર નાં તાળા તોડી ચાંદીનાં મોટા છતર ની ચોરી કરી હતી.વહેલી સવારે પુજારી તથા દર્શનાર્થીઓ મંદિરે આવતા અને તાળા તુટેલાં જોતા કઈક અથટીત બન્યાનું જાણી ચોકીદાર ની ઓરડી તરફ તપાસ કરતા બારણા ને સાંકળ હોય ખોલી ચોકીદાર યોગેન્દ્રસિહ ને મુક્ત કરાવ્યાં હતા.

બાદ માં ચોકીદાર યોગેન્દ્રસિહે રાજવી પરિવાર ને જાણ કરતા કારભારી ભાવેશભાઈ રાધનપરા, મહેન્દ્રસિંહ ઝાલા તથા રાજેન્દ્રસિંહ જાડેજાએ દોડી આવી પોલીસ ને જાણ કરતા ડીવાયએસપી. કે.બી.ઝાલા,પીઆઈ ડામોર,પીઆઈ ગોસાઈ, પીએસઆઈ ઝાલા,એલસીબી પીઆઈ ઓડેદરા સહિત પોલીસ કાફ્લો આશાપુરા મંદિર દોડી ગયો હતો.બનાવ નાં પગલે એસપી. જયપાલસિંહ રાઠોડ પણ દોડી આવ્યા હતા.એફએસએલ ટીમ તથા ડોગ સ્કવોડ પણ દોડી ગઈ હતી અને તપાસ નાં ચક્રોગતિમાન કર્યા હતા.

મંદિર નાં ચોકીદાર યોગેન્દ્રસિહ થાપાના જણાવ્યાં મુજબ રાત્રે ત્રણ શખ્સોએ મંદિર પરીશર માં પ્રવેશ કર્યો હતો.જે પૈકી એક શખ્સે મને ઓરડીમાં બાંધી દઈ પુરી દીધો હતો.બાદ માં ચોરીને અંજામ આપ્યો હતો.તસ્કરો એ ચોરી કરતા પહેલા મંદિર પરીશર માં લગાવાયેલા સીસી કેમેરા માં તોડફોડ કરી હતી.

# ગંજીવાડાની પરિણીતાના આપઘાત કેસમાં પતિ, જેઠ અને જેઠાણીને નિર્દોષ છોડતી કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાવનગર રોડના ગંજીવાડા વિસ્તારમાં રહેતા શોભનાબેને પતિ તેમજ જેઠ-જેઠાણીના ત્રાસથી કંટાળીને ફાંસો ખાઈ જિંદગી ટુંકાવી લેતાં પરિણીતાના પિતાએ મહિલા પોલીસ મથકમાં આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં અદાલતે આરોપી પતિ હેમત, જેઠ રસિક તેમજ જેઠાણી જોસનાબેને નિર્દોષ જાહેર કર્યો હતો.આ કેસની હકિકત મુજબ, તારીખ ૦૩/૧૦/૨૦૧૮ના રોજ ભાવનગર રોડ ગંજીવાડા વિસ્તારમાં રહેતી શોભનાબેન હિંમતભાઈ ડેકાણીએ ફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી હું લીધી હતી. જે ઘટના બાદ પરિણીતાના પિતા - કાળુભાઈ ગોહિલે મહિલા પોલીસ મથકમાં તેણીના પતિ હેમંતભાઈ, જેઠ રસિકભાઈ તેમજ જેઠાણી જોશનાબેન વિરૂદ્ધ ફરિયાદ કરતા પોલીસે તમામ આરોપીઓ સામે આઈપીસી ૩૦૬, ૪૯૮(એ), તેમજ ૧૧૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે આરોપીઓની અટક કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. કેસ ચાલવા પર આવતા બંને પક્ષકારોની દલીલો અને રજૂઆતોને સાંભળીને સેશન્સ કોર્ટના ન્યાયધિશે ફરિયાદ પક્ષ પોતાનો કેસ નીઃશંક પણે સાબિત કરી શક્યો નથી તેવું જણાવી તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, જીગ્નેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉધરેજા, તારક સાવંત, શ્રેય શુકલ, જીગ્નેશ લાખાણી, ચેતન પુરોહિત, ગૌરાંગ ગોકાણી રોકાયેલા હતા.